જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૫/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૩૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૩૪/૨૦૨૬**

રામોલઃ લીલાવતીબહેન વા/ઓ બદ્રીનાથ રામકિશોર પાંડે (ઉ.વ.૬૮) (રહે. ત્રિનેત્ર બંગ્લોઝ મેટ્રો પીલ્લર નંબર–૧૬૨ પાસે વસ્ત્રાલ રામોલ) એ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના દરવાજા પાસે ત્રણ મહીલોઓ આવી હતી અને લીલાવતીબહેનને જણાવેલ કે "અમારા શેઠ પાસેથી પૈસા ચોરી કરી લાવેલ છીએ અને મારી બહેનને બિહાર જવાનુ છે અને અમે તેને રૂપિયા આપીએ છીએ તો તે લેતી નથી, તો તમે અમારી સાથે આવી તને સમજાવો, તમે વડીલ છો તમારી વાત માનશે" તેમ કહી લીલાવતીબહેનને લઇ રતનપુરા ગામ તરફ ગણેશ હોમ્સ પાસે આવેલ નવી ઓફીસની બાજુમાં લઇ જઇ, ૫૦૦ રૂપિયાનુ બંડલ બતાવી કહેલ કે "આ પૈસા તમારી પાસે રાખો અને તમારા દાગીના થોડીવાર માટે મને આપો અને હુ આ દાગીના મારી બહેનને બતાવી આ દાગીના મે ખરીદેલ છે તેમ કહી મારી બહેનને રવાના કરી પરત આવીને તમારા દાગીના પાછા આપી પૈસા પરત લઇ જઇશ" તેમ કહી વિશ્વાસમાં લઈ લીલાવતીબહેને પહેરેલ સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૭૫,૦૦૦/– મેળવી લઇ, ત્રણેય અજાણી સ્ત્રોઓ ત્યાંથી નાસી ગઇ હતી. જે પૈસાનું બંડલ ખોલી જોતા તેમાં કાગળના બંડલ આપી અને દાગીના બાંધેલ રૂમાલમાં પ્લાસ્ટીકની બંગડીઓ અને પાન મસાલાની પડીકીઓ ભરી આપી લીલાવતીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

એરપોર્ટઃ બલવીરસિંઘ રીછપાલસિંઘ રાઠોડ (ઉ.વ.૩૭) (રહે. સાનિધ્ય ફ્લોરા, ખોડીયાર મંદીર પાસે ન્યુ રાણીપ) એ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશલ કાર્ગો એરપોર્ટ એક્સ રે નંબર–૪ "આકાશા એરલાઇન્સ કંપની" ખાતે સિક્વલ લોજીસ્ટીક કંપની દ્વારા બેંગ્લોર એરપોર્ટ ખાતે મોકલવામાં આવેલ પાર્સલ બેંગ્લોર એરપોર્ટ ખાતે આજદીન સુધી નહી પહોચાડી આરોપી "આકાશા એરલાઇન્સ કંપની" એ સિક્વલ લોજીસ્ટીક કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. જે પાર્સલમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૫૮,૧૦,૭૬૪/– મતાના હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૬૩૫/૨૦૨૬**

મેઘાણીનગરઃ પુરૂષોત્તમજી ગોમાજી ચૌહાણ (ઉ.વ.૮૪)(રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ ચમનપુરા, ઉમિયાનગર મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૬ કલાક ૦૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પેટી પલંગમાંથી ચાંદીના દાગીના તથા ચાંદીના સિક્કા નંગ–૧૦ અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૬૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

સરદારનગરઃ સંજયભાઇ દિનેશભાઇ મકવાણા (રહે.ખોડીયારનગર વિભાગ–૧ ગલી નંબર–૪ ખોડીયારનગર વિભાગ–૧ નોબલનગર સરદારનગર) એ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૩/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૬ કલાક ૦૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૯૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૬૩૬/૨૦૨૬**

ચાંદખેડાઃ ચાંદખેડા જગતપુર નવી બનતી એસ.ટી.પી ગણેશ શરણમ ફ્લેટ સામે લેબર કોલોનીમાં રહેતા અને ત્યાં જ કામ કરતા બૈજનાથ ઉર્ફે બીરજુ સ/ઓ અમૃતલાલ કોલ (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ–બરગી તા–બુજરાવગઢ જી–પટણી મધ્યપ્રદેશ) તા.૦૩/૦૫/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.ટી.પી ગણેશ શરણમ ફ્લેટ પાસે જગતપુર ખાતે આવેલ સેંટી ફ્યુઝના ઉંડા ખાડામાં પડી જતા ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન સવારના ૦૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૩૭/૨૦૨૬**

નરોડાઃ નરોડા મુઠીયા ટોલટેક્ષ પાસે ગણેશ આઇકોન કોમ્પ્લેક્ષ દુકાન નં–૨૦૭ માં મોગલ કૃપા નામની દસ્તાવેજની ઓફિસ ધરાવી ધંધો કરતા આકાશ સંજયભાઇ વ્યાસ (ઉ.વ.૩૪) (રહે. પંચકુટીર ફ્લેટ એસ.બી.આઇ. બેંક પાસે કઠવાડા રોડ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાની ઓફિસમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

નિકોલઃ નવી બનતી સાઈટ રાધે સુપ્રીમ દયાવાન પાર્ટી પ્લોટની બાજુમાં કઠવાડા તાલુકો–દસ્ક્રોઇ જી–અમદાવાદ ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ રહેતા બંસીલાલ સ/ઓ થાવરા કલાસુઆ (ઉ.વ.૨૫) (રહે. મુળ વતન. ગામ–પાખરોણ જી– ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટ "રાધે સુપ્રીમ" દયાવાન પાર્ટી પ્લોટ ની બાજુમાં કઠવાડા ખાતે બાંધેલ તંબુના આડા મુકેલ વાસના બંબુ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

નારોલઃ કાજલ મહાવિરભાઈ પાલ (ઉ.વ.૨૦) (રહે. ગંગોત્રીનગર ન્યુ ઉમગ ફ્લેટ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી